## ‘‘હા... સાહેબ !’’

‘‘અરે ક્યાં ફરો છો યાર ? સવારે તો ફૂડ પેકેટ વહેંચતા હતા અને સાંજે કોબા પહોંચી ગયા ?’’

‘‘હા... સાહેબ હા. જવું પડે. પાર્ટીનો આદેશ માનવો પડે. તમારા જેવુ ઓછુ છે ?’’

‘‘હું.. હું ખરૂં છે તમારૂ હો. ચૂંટણી આવી નથી કે ભરતી મેળો ચાલુ કર્યો નથી. પછી ગમે તે ચૂંટણી હોય..!’’

‘‘તે... તમને શું પેટમાં દુ:ખે છે ?’’

પેટમાં કાંઈ દુ:ખતુ નથી. આ તો તમે ફડાકા મારતાં હતા કે વિશ્વમાં સૌથી મોટી પાર્ટી અમારી અને દરેક ચૂંટણીએ તમારે ત્યાં પ્રવેશોત્સવ યોજાય. આટલાં બધા છે તો નવી ભરતી શુ કરવાં ?

‘‘અરે ભાઈ, તમને સમજણ ના પડે ભાઈ’’

‘‘અમને સમજ પડે કે ના પડે, ગુજરાતની પ્રજાને સમજ પડે છે. કે તમે શું કરો છો અને શું કરવા માંગો છો ?’’

‘‘તમે ગોવામાં શું કર્યું, તમે યુપીમાં શું કર્યું, અને મણીપુરમાં શું કર્યું, અરે એ વાત છોડો ગઈકાલે બિહારમાં શું કર્યુ ??? અને હવે અહીંયા...’’

‘‘અ...હં એટલે બીક લાગે છે એમને.’’ સત્તા નહી આવે એની બીક લાગે છે. રાજ્યસભામાં હારી જવાશે એની બીક લાગે છે ?

‘‘બીક તો શું લાગે ભાઈ. રાજ્યસભામાં હારી જઈશું એટલે શું કારકિર્દી પુરી થઈ જશે...’’

‘‘ના...ના ભય છે ભય.’’

‘‘ભય અમને નથી. ભય કોને છે અને કેટલો છે અને કેવો છે તે આજે નહી સમજાય અને હું પણ નહી સમજાવી શકુ. માત્ર સમય જ સમજાવી શકશે.’’

‘‘એટલે કેહવાં શું માંગો છો ?’’

‘‘ધારાસભ્યો તોડી શકાય, પક્ષો તોડી શકાય, સરકારો તોડી શકાય, ...પણ...?’’

‘‘પણ એટલે શું ?’’

‘‘પણ એટલે તમે સમજો તે.’’

‘‘સાહેબ પદ પૈસા અને ભયથી બધુ ખરીદી શકાય. પણ મુલ્યો નહીં, વિચારધારા નહીં, વિશ્વાસ નહી ખરીદી શકાય. ભરોસો તુટતો જાય છે, પક્ષો પરથી, પ્રતિનિધિઓ પરથી અને આખી વ્યવસ્થા પરથી...’’

‘‘હા... સાહેબ હા... અને હવે બીક લાગશે પ્રજાની ! આજ છે રાજકારણ સાહેબ અને આ જ છે સત્તાના ખેલ...!

- નિમિત માત્ર

# રાજ્યસભાની ૩ બેઠકો માટે ભાજપે ઉમેદવારી નોંધાવી





### રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તથા બળવંતસિંહ રાજપૂત ભાજપના ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભર્યુ : ૩ ડમી ફોર્મ પણ ભરાયા : ૩ બેઠક માટે ૭ ઉમેદવારો મેદાનમાં આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યસભાની ત્રણ બેઠકો માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે વધુ ૬ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં ત્રણ ડમી ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભારતીય જનતા પક્ષ તરફથી પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ, કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની તથા બળવંતસિંહ રાજપૂતે આજે ઉમેદવારી નોંધાવી હતી.

અમીતભાઈ શાહના ડમી તરીકે અમદાવાદના પૂર્વ મેયર અમીતભાઈ શાહે ઉમેદવારી નોંધાવી છે તો કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના ડમી તરીકે વિવેક પટેલ (સુરત) એ ઉમેદવારી નોંધાવી છે. તો ભાજપના ત્રીજા ઉમેદવાર બળવંતસિંહ રાજપૂતના ડમી ઉમેદવાર તરીકે બીપીનભાઈ દવે (સુરેન્દ્રનગર)ના એ ઉમેદવારી નોંધાવી છે.

આમ ત્રણ બેઠક માટે ૭ ઉમેદવારીપત્રો ભરાયા છે. શનિવારે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ડમી ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થતાં ૪ ઉમેદવારો આ જંગમાં રહેશે.

આજે ઉમેદવારીપત્ર ભરવા માટે સૌ પ્રથમ અમીતભાઈ શાહ આવી પહોંચ્યા હતા. આ પછી થોડીક જ મિનિટોમાં કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની અને તેના બાદ બળવંતસિંહ રાજપૂત આવ્યા હતા.

આ ત્રણેય ઉમેદવારોને ભાજપના સમર્થકોએ ભારત માતાકી જયના નારા સાથે વધાવી લીધા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહેસુલમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પૂર્વ પ્રમુખ આર.સી. ફળદુ, પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા, મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા સહિતના ધારાસભ્યોએ સ્વાગત કર્યું હતું.

ભાજપની મહિલા ધારાસભ્યોએ સ્મૃતિ ઈરાનીનું સ્વાગત કર્યુ હતું. આ પછી ભાજપના આગેવાનોએ બળવંતસિંહનું પણ ભારત માતાકી જયના નારા સાથે સ્વાગત કર્યુ હતું.

આ પછી ત્રણેય ઉમેદવારોએ વી ફોર વિક્ટરીના નિર્દેશ કરી અને સ્વર્ણિમ સંકુલ-૨ છોડ્યું હતું.

પાછળથી પત્રકારો સાથેની વાતચીતમાં ભૂપેન્દ્રભાઈ યાદવે જણાવ્યું હતું કે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડ ત્રીજા ઉમેદવારીની પસંદગીની સત્તા રાષ્ટ્રીય અધ્યક્ષને આપી હતી તે સત્તા મુજબ બળવંતસિંહ રાજપૂતની ત્રીજા ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૬ દિવસમાં જ ૨૨ ઈંચ મોસમનો ૬૦ ટકા વરસાદ

### અત્યાર સુધી સિઝનનો સો ટકાથી વધુ વરસાદ થઇ ગયો : મોસમના સામાન્ય ૩૨ ઇંચ વરસાદની સાપેક્ષમાં અત્યારસુધીમાં ૩૬ ઇંચ વરસાદ વરસ્યો

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૬ દિવસથી સતત વરસાદ વરસતા જનજીવન વરસાદી વાતાવરણથી પ્રભાવિત રહયુ છે. છેલ્લા છ દિવસમાં શહેરમાં ૨૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે શહેરમાં સિઝનનો ૩૬ ઈંચ વરસાદ થયો છે. જે સામાન્ય રીતે સિઝનના નોંધાતા વરસાદની સાપેક્ષમાં ૪ ઈંચ વધુ છે. અત્યારની સ્થિતિએ જ મોસમનો સો ટકાથી વધુ વરસાદ થઈ ચુકયો છે.

સમગ્ર રાજયમાં વરસાદ આક્રમક રીતે વરસતા ચોમેર વરસાદી પાણી પાણી થઈ ગયુ છે. વરસાદે વિરામ લીધા બાદ પણ વરસાદી પાણી ઓસરવા માટે તેમજ માર્ગો પરના ગાબડા પુરવા સહીત રાહત કાર્યમાં તંત્રની ટીમ કામે લાગી છે. જયારે રાજયના પાટનગરમાં પણ હજુ ચોમાસુ બાકી છે. તેવા સંજોગોમાં સો ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. શેહરમાં મોસમના વરસાદની વાત કરીએ તો અત્યાર સુધી સિઝનનો ૩૬ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે આ પૈકી મોટાભાગનો વરસાદ છેલ્લા ૬ દિવસમાં જ નોંધાયો છે. બનાસકાંઠા સહીતના વિસ્તારમાં પુરની સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

# અઠવાડીયાના અંતે ઉઘાડ નિકળતા નગરજનોને હાશકારો

### બપોરના સમયે સુરજદાદાએ દેખા દેતા નગરજનોને રાહત : વરસાદે પણ વિરામ લેતા હાંશકારો : જનજીવન ધમધમતુ થયુ : શોપિંગ અને શાકમાર્કેટમાં ભીડ જોવા મળી : તંત્ર પણ રસ્તાના પેચવર્ક સહીત ગાબડા પુરવાના કામે લાગ્યુ

ગાંધીનગર તા ૨૮

સમગ્ર રાજયમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી હેલીના લીધે ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. જયારે ગાંધીનગરમાં પણ છેલ્લા છ દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો સતત વરસતા ભીંજારાની મોસમ જામી હતી. ગઈકાલે ભારે વરસાદના અંતે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે આજે શહેરમાં એક સપ્તાહના વરસાદે વિરામ લીધો હતો. જયારે બપોરના સમયે વરાપ નિકળતા નાગરિકોએ હાંશકારો અનુભવ્યો હતો. છેલ્લા એક અઠવાડીયાથી વરસાદે નગરને બાનમાં લીધુ હતુ. જેના લીધે જનજીવન પણ અસ્તવયસ્ત બન્યુ હતુ. ભારે વરસાદના અંતે આજે મેઘરાજાએ ખમૈયા કરતા દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી વચ્ચે ઉઘાડ પણ નિકળતા જનજીવન પણ સામાન્ય બન્યુ હતુ.

સમગ્ર રાજયમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી હેલીના લીધે ચોમેર પાણી પાણી જોવા મળી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ૫ નેશનલ હાઈવે અને ૩૧ સ્ટેટ હાઈવે બંધ

### કુલ નાના-મોટા ૯૪૫ માર્ગો હજુ બંધ

અમદાવાદ, તા. ૨૮

ગુજરાતના અનેક ભાગોમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી બનેલી છે. રાજ્યમાં હજુ પણ ભારે વરસાદ અને પુરની સ્થિતિ બાદ પાંચ નેશનલ અને ૩૧ સ્ટેટ હાઈવે બંધ સ્થિતિમાં છે. આ ઉપરાંત પંચાયત હસ્તકના ૮૧૯ રસ્તાઓને બંધ રાખવામાં આવ્યા છે. કુલ મળીને નાના મોટા ૯૪૫ માર્ગો બંધ હાલતમાં છે. સમારકામ પણ આગામી દિવસોમાં ઝડપથી આગળ વધારવામાં આવશ. વરસાદી પાણી ઉતરી ગયા બાદ રસ્તાઓને પુન: વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમા હાલમાં રસ્તાઓ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ખરાબ થયા છે. હાલમાં પુરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવેને સૌથી વધારે નુકસાન થયું છે. ઘણી જગ્યાએ માર્ગ પર પુરના પાણી ફરી વળતા જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. નવેસરની માહિતી મુજબ ગુજરાતના ૫ નેશનલ હાઈવે, ૩૧ સ્ટેટ હાઈવે, અન્ય માર્ગો તથા ૮૧૯ પંચાયત હસ્તકના રસ્તા બંધ રાખવામાં આવ્યા છે. વરસાદના પાણી ઓસરી ગયા બાદ વાહન વ્યવહાર પુર્વવત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે જે જિલ્લાઓમાં વરસાદનું જોર ઘટી ગયું છે ત્યાં ક્ષતિગ્રસ્ત માર્ગોને સુધારવાની કામગીરી થઈ ચુકી છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે વાહન વ્યવહાર પર માઠી અસર થઈ છે.

# જિલ્લામાં ૪૧ ટીમો દ્વારા વરસાદના નુકશાનનો સર્વે કરાશે

### એક સપ્તાહમાં સર્વેની કામગીરી પૂર્ણ કરાશે : મહાનગરપાલિકામાં થયેલ નુકશાન અંગે મનપા દ્વારા સર્વે ટીમ બનશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદે વિરામ લેતાં જનજીવન પુન: ધબકતું થયું છે. તંત્ર એ જિલ્લામાં થયેલા ભારેથી અતિભારે વરસાદને પગલે થયેલ નુકશાનના અંદાજો મેળવવા તેમજ સહાય માટે સર્વે કરવા ૪૧ જેટલી ટીમો બનાવી છે અને તે એક સપ્તાહમાં સર્વે કરી પોતાનો અહેવાલ જિલ્લા કલેકટરશ્રીને આપશે.



પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૧૮, કલોલમાં ૯, માણસામાં ૬ અને દહેગામમાં ૮ ટીમો બનાવવામાં આવી છે.

આ ટીમોને ગામોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. નગરપાલિકા વિસ્તારમાં પણ સર્વે માટે ટીમો બનાવાઈ હોવાનું જાણવા મળેલ છે. આ ટીમો વરસાદથી થયેલ જાનહાની માનવ અને પશુ ઉપરાંત મકાનોને થયેલ નુકશાન, સ્થળાંતરિત કરાયેલ પરિવારોને થયેલ નુકશાન સહિતની વિગતો અંગેનો અહેવાલ તૈયાર કરશે. આ ટીમો જાહેર મિલ્કતોને નુકશાન થયું હોય તો તેનો પણ સર્વે કરશે. આ ટીમના રિપોર્ટને આધારે સહાય સરકારના નિયમોને આધીન રહી ચુકવવાની થશે.

આ રિપોર્ટ મામલતદાર કચેરી અને તાલુકા વિકાસ અધિકારીઓ સંયુકત રીતે તૈયાર કરીને આપશે. આ માટે તંત્રને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ ટીમમાં ઈજનેર ઉપરાંત પશુપાલનના અધિકારી ખેતી તંત્રના અધિકારી સહિતના અધિકારીઓ જોડાશે.

મનપા વિસ્તારમાં થયેલ નુકશાન અંગેનો અહેવાલ મનપાની ટીમ બનાવી અને તે અહેવાલ રજુ કરે તે મુજબ સહાય ચુકવાશે.

# જિલ્લામાંથી સ્વાઈન ફલુના ૪ કેસ મળ્યા : ૧નું મોત

### ૩ બાળકો છત્રાલમાંથી મળ્યા જે અમદાવાદ સારવાર હેઠળ છે : માણસાના યુવાનનું ગાંધીનગર હોસ્પિટલમાં મોત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈન ફલુના ૪ કેસ મળી આવ્યા છે. જેમાંથી ૧ વ્યકિતનું મૃત્યુ નીપજયું છે. જયારે ૩ જણા હાલ સારવાર હેઠળ છે અને તેમની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાંથી ૩ બાળકોને સ્વાઈન ફલુ હોવાનું જણાતા તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલના પિડિયાટ્રીક વોર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. જેમાં બે કુમાર અને ૧ કન્યા હોવાનું જાણવા મળેલ છે. આ ત્રણેય દર્દીઓની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

જયારે માણસાના મહુડીના એક ૨૦ વર્ષીય યુવાન જે કલીનર તરીકે ખાનગી ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતો હતો તેનું આજે સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયું છે.

આ યુવાન સારવાર માટે માણસા ડીસ્ટ્રીકટ સબ હોસ્પિટલમાં દાખલ થયો હતો. તેને આજે બેભાન અવસ્થામાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે સઘન સારવાર માટે રિફર કરવામાં આવેલ હતો. જેનો આજે પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ. આ દર્દીના મોત સાથે ગાંધીનગરમાં સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા પાંચ થઈ છે.

તંત્ર દ્વારા સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યું છે. આ દર્દીના સંપર્કમાં આવેલ ૬ વ્યકિતઓને પણ તંત્ર દ્વારા સારવાર આપવામાં આવી રહેલ છે. તંત્રને સર્વેલન્સ દરમિયાન કોઈ નવા કેસ મળ્યા નથી.


ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




સ્વ. નાનુભાઈ મહાદેવભાઈ મહેતા

સ્વ. તા. ૨૯/૭/૨૦૧૬

અચાનક જ અમારો સાથ છોડી અમોને આપે આઘાતથી અવાચક કર્યા છે... પરંતુ આપે આપના સિદ્ધાંતોથી આપના દ્દષ્ટિકોણથી અને આપના મૂલ્યોથી અમારા જીવનને સાર્થક કર્યુ છે. ભલે આપ અમારી સાથે નથી પણ જીવનની દરેક પગલે આપ અમારા માર્ગદર્શક તો છો જ...

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લી.

શરદભાઈ નાનુભાઈ મહેતા

શૈલેષભાઈ નાનુભાઈ મહેતા ● જગદીશભાઈ નાનુભાઈ મહેતા

ફર્મ : સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર


NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY
(A Statutory body under the NIFT Act 2006 & setup by Ministry of Textiles, Govt. of India)
NIFT Campus, GH-0 Road, Gandhinagar – 382 007.
Ph.: 079-23265000, 23240832, 23240834 Fax: 079-23240772

APPOINTMENT

NIFT Gandhinagar Centre invites applications for recruitment on following posts:

| Sr. No. | Name of Post | No. of vacancy | Nature of Appointment | Pay Scale |
|---|---|---|---|---|
| 1. | Lab. Assistant (FD) | 01 (OBC) | 03 Years Contract | Basic Pay of Level-2 i.e. Rs. 19,900/- (as per 7th CPC) |
| 2. | Assistant Warden (Female only) (for 200 bedded Girls Hostel situated at above address) | 01 | 01 Year Ad-hoc Contract only | On consolidated salary basis @ Rs. 25,500/- pm |
| 3. | Library Trainee | 01 | 01 Year Ad-hoc Contract only | On consolidated salary basis @ Rs. 10,000/- pm |

For prescribed application forms and detailed eligibility criteria please visit our website http://www.nift.ac.in/gandhinagar. Last date of receipt of application is 08/09/2017.
Date : 29/07/2017 Joint Director



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com